મે-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

મિત્રો,

નમસ્તે,

પરમચેતના સમગ્ર માનવજાતિની કસોટી કરી રહી છે. રોજબરોજ કોઈને કોઈ મિત્ર કે સ્વજન આપણને છોડી જઈ રહ્યા છે. આ અણગમતી પરિસ્થિતિ સામે આપણે લાચાર છીએ. જોકે, આ કંઈ પહેલીવાર બનતું નથી. આપણે સૌ આવી અનેક પ્રકારની વેદનામાંથી પસાર થઈને બેઠા થયા છીએ. ‘આ પણ પસાર થઈ જશે’ એવી હૈયાધારણ પણ પરમચેતનાએ જ માણસને શિખવી છે. આ કરુણ વિભીષિકામાંથી મુક્ત કરવાની પ્રાર્થના સાથે પ્રભુને પ્યારા થયેલા સૌ મિત્રો સ્વજનોને પરિષદ પરિવાર શ્રદ્ધાંજલિ આપે છે.

વિકાસમંત્રીએ શરૂ કરેલી ‘વાર્તા રે વાર્તા’ શ્રેણી અંતર્ગત શ્રેણીનો બીજો ઑનલાઈન કાર્યક્રમ 18-4-2021ના રોજ યોજાયો. જેમાં વાર્તાકાર રાકેશ દેસાઈ અને નવનીત જાનીની વાર્તાઓનું પઠન યામિની વ્યાસ અને નરેશ કાપડિયાએ કર્યું. બન્ને વાર્તાકારોએ પોતાની કેફિયત રજૂ કરી. ઘણા રસિક મિત્રોએ કાર્યક્રમનો લાભ લીધો.

વિકાસમંત્રીની ભલામણથી પરિષદને સ્વ. કવિશ્રી દિલીપ મોદીની સ્મૃતિમાં તેમનાં પત્ની હુતોક્ષી મોદીએ કવિતાસત્ર કે કવિતાવિષયક વ્યાખ્યાનો યોજવા દાન આપ્યું છે. શરતચૂકથી સ્વ. દિલીપ મોદી નાટ્યકાર લખાયું હતું તેઓ કવિ હતા. તેમના 22 સંગ્રહ પ્રકાશિત થયા છે.

મિત્રો, આપ સૌ પરિષદના આજીવન સભ્યો છો. પ્રસ્તુત સંદર્ભમાં તમારી જાણકારી માટે એક વિગત અહીં નોંધું છું. ઇ. સ. 1976 સુધી આપણું ‘પરબ’ ત્રૈમાસિક હતું. જે. ઈ. સ. 1977થી માસિક બન્યું ત્યાર પછી પરિષદે આજીવનસભ્ય પદ કરવાનું નક્કી કર્યું. ઈ. સ. 1977થી આજ સુધીની આપણી આજીવનસભ્ય પદ સંખ્યા 4387 છે. છેલ્લા ત્રણ ‘પરબ’માં આજીવનસભ્ય પદ સુધારણા ફૉર્મ મૂકવામાં આવે છે છતાં જરા દુઃખ સાથે નોંધું છું કે આ લખું છું ત્યાં સુધી માત્ર 510 ફૉર્મ ભરાઈને આવ્યા છે. મિત્રો, આ યાદી જો સુધારી લઈશું તો આપ સૌ અને સાહિત્ય પરિષદને ઘણી મદદ મળે એમ છે. પરિષદને આપની આ મદદ દ્વારા આર્થિક ભારણ ઓછું થશે. સરનામા સુધરશે તો આપણો વાતવિનિમય પણ સરળ થશે. આમ ફૉર્મ ભરીને નીચે જણાવેલ નંબર પર ફૉર્મ મોકલી શકો છો.